# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
## બ્લોક નં.ર, પહેલો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર
## જાહેરાત ક્રમાંકઃ૧૮૯/૨૦૨૦-૨૧ અંગેની વિગતવાર સૂચનાઓ
## (વેબસાઇટ એડ્રેસ :( https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in )

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગૃહ વિભાગ હસ્તકની નિયામકશ્રી નશાબંધી અને આબકારી કચેરીના **"નાયબ નિરીક્ષક"** વર્ગ-૩ સંવર્ગની જગાઓ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર **તા.૦૫/૦૨/૨૦૨૧ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૦૧/૦૩/૨૦૨૧ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક)** દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

1) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ (આ જાહેરાતમાં મુદ્દા નંબર- ૮ માં દર્શાવેલ છે તે સહીત) આ સમગ્ર જાહેરાત ઓનલાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.
2) ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડ-ખાંપણ(લાગુ પડતુ હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો), વિધવા (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે, જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહીં.
3) **પરીક્ષા પધ્ધતિ** : પસંદગીની પ્રક્રિયામાં જાહેરાતમાં મુદ્દા નંબર-૧૦ માં દર્શાવ્યા મુજબની પ્રથમ તબક્કામાં હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની સ્પર્ધાત્મક Preliminary Examination ભાગ-૧ લેવામાં આવશે. અને ત્યારબાદ કુલ જગાના પંદર ગણા ઉમેદવારોની ભાગ-ર ની Physical Efficiency Test (Qualifying Test) લેવામાં આવશે અને ભાગ-રની Physical Efficiency Test(Qualifying Test) માં લાયક ઠરેલ ઉમેદવારોની ભાગ-3 Main Written Examination (મુખ્ય લેખિત પરીક્ષા) લેવામાં આવશે.
4) જરૂરત ઉપસ્થિત થયે, પરીક્ષા સંદર્ભેની અમુક સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. (**SMS**)થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અરજદારે તે જ મોબાઈલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે.

ભરવાપાત્ર જગાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમાંક | જગાનુ નામ | કુલ જગા | બિન અનામત | | આર્થિક રીતે નબળા વર્ગો | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | શારિરીક અશક્ત (ફક્ત શ્રવણની ખામી વાળા) | માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| 1 | નાયબ નિરીક્ષક વર્ગ-3 | **39** | **09** | **04** | **06** | **02** | **07** | **03** | **03** | **01** | **03** | **01** | **01** | **03** |

**નોંધ:**

- જાહેરાતમાં દર્શાવેલ જગાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.
- અનામત જગાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.
- ઉપર દર્શાવેલ શારીરિક ખોડખાપણ ધરાવતી કુલ એક જગા શ્રવણની ખામી વાળા માટે અનામત રાખવામાં આવે છે.
- એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવારે એક થી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે અરજી માન્ય ગણાશે. અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહી હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો તે રીફંડ કરવામાં આવશે નહી.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨ (ભાગ-૧) ની જોગવાઈઓને ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગા સંબધિત કેટેગરી ( જનરલ, E.W.S. એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.
- માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી(જનરલ, આર્થિક રીતે નબળા વર્ગ, એસ.સી., એસ.ટી.,એસ.ઇ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગા જે તે કેટેગરીના અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.
- શારીરિક વિકલાંગ ઉમેદવારની જગાઓ જેતે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક વિકલાંગ ઉમેદવારો માટે લાયક શારીરિક વિકલાંગ ઉમેદવાર નહી. મળે તો તે જગા જે તે કેટેગરીના સામાન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગાઓ સિવાયની બાકી રહેતી જગાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી માટે વિચારણા થઇ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.(દા.ત. કુલ ૧૦ જગાઓ પૈકી ૦૩ જગા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

૨. પગાર ધોરણ :

નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૯/૪/૨૦૧૦ તા.૬/૧૦/૨૦૧૧,તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: ખરચ - ૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે રૂ.૩૧,૩૪૦/- નિયત ફિક્સ પગાર થી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮-૦૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં આ બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

૩. રાષ્ટ્રીયતા :

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવા જોઇએ.

## ૪. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતો :

(A) Not be less than 21 years of age and not be more than 35 years of age;

(B) Possess a degree obtained from any of the Universities or an institution established or incorporated by an Act of the Parliament or a State Legislature in India or an institution declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956 (3 of 1956) or an equivalent qualification Recognised as such by the government;

(C) Possess the basic knowledge of computer application as prescribed by the Gujrat civil Service classification and Recruitment (General) Rules, 1967 as amended from time to time in that behalf;

(D) Possess adequate knowledge of Gujarati or Hindi or both:

Provide further that preference may be given to a candidates who possess “c” level certificate of National Cadet corps (NCC).

<u>નોંધ:</u>

- નાયબ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.
- ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણીક લાયકાતના અર્થઘટન સંદર્ભે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો, તે અંગે સંબધિત વિભાગ/ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરી યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

## ૫. વયમર્યાદામાં છૂટછાટ :-

- નાયબ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ તેમજ ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૯/૨૦૧૨ અને તા.૦૬/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ-૫ની જોગવાઇઓ તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે.
- સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.
- નાયબ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની જગા માટે સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.
- નાયબ નિરીક્ષક વર્ગ-૩સંવર્ગની જગાઓ પૈકી જે તે અનામત વર્ગના ઉમેદવારો માટે જગાઓ અનામત દર્શાવેલ છે તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને પાંચ વર્ષની છૂટછાટ અને મહિલા ઉમેદવારોને અનામત વર્ગ તરીકેના પાંચ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ-૧૦(દશ) વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. પરંતુ જે તે અનામત વર્ગ માટે અનામત જગા દર્શાવેલ નથી તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને કોઇ છૂટછાટ મળશે નહીં પરંતુ મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.
- સામાન્ય વર્ગના (શ્રવણની ખામી) વિકલાંગ પુરુષ ઉમેદવારોને ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.
- સામાન્ય વર્ગના (શ્રવણની ખામી) વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.
- અનામત વર્ગના (શ્રવણની ખામી) વિકલાંગ પુરુષ ઉમેદવારને જેતે અનામત વર્ગ માટે જગાઓ અનામત હશે તેવી કેટેગરીના વિકલાંગ પુરુષ ઉમેદવારને ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. જ્યારે જેતે અનામત વર્ગ માટે જગાઓ અનામત ન હોય તેવા જેતે અનામત વર્ગના વિકલાંગ પુરુષ ઉમેદવારને ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.
- અનામત વર્ગના (શ્રવણની ખામી) વિકલાંગ મહિલા ઉમેદવારને જેતે અનામત વર્ગ માટે જગાઓ અનામત હશે તેવી કેટેગરીના વિકલાંગ મહિલા ઉમેદવારને ૨૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. જ્યારે જેતે અનામત વર્ગ માટે જગાઓ અનામત ન હોય તેવા જેતે અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારને ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.
- આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ની કેટેગરીના પુરુષ ઉમેદવારને પાંચ (૦૫) વર્ષની છુટછાટ અને મહિલા ઉમેદવારને EWS કેટેગરી તરીકેના પાંચ (૦૫) વર્ષ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ – ૧૦ (દસ) વર્ષની વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. આર્થિક રીતે નબળા વર્ગ(EWS) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર **તા.૧૪/૦૧/૨૦૧૯ થી તા. ૦૧/૦૩/૨૦૨૧** સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ EWS કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

- આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)** ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :- ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ Annexure - KH (Eligibility Certificate For Economically Weaker Sections) અંગ્રેજી નમુનામાં અથવા પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં **તારીખ: ૧૪/૦૧/૨૦૧૯** થી અરજી કરવાની છેલ્લી **તારીખ:૦૧/૦૩/૨૦૨૧** દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.
- નાયબ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની જગાઓમાં **S.E.B.C.**કેટેગરી (સા. શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી(સા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ <u>નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૦૧/૦૩/૨૦૨૧** દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર</u> ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.
- અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે.
- ઉમેદવાર ખોડખાંપણની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તોજ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વય મર્યાદા અને અનામતનો લાભ મળશે. શારિરીક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક: પરચ/ ૧૦૨૦૦૮/ ૪૬૯૫૪૦/ ગ૨ તથા વખતો વખત ના સુધારાથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે
- માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

## ૬. <u>કોમ્પ્યુટરની જાણકારી</u>

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન (બેઝીક નોલેજ) ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા સામાન્ય વહિવટ વિભાગના તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ની જોગવાઈ અનુસાર, ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક

સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "**રદ**" કરી શકશે.

૭. **શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ : (Cut - Off Date)**

તમામ ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, નોન-ક્રીમીલેયર, EWS સર્ટીફીકેટ અને અન્ય જરુરી લાયકાત માટે તા.૦૧/૦૩/૨૦૨૧ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૮. **અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ ધ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ **તા.૦૫/૦૨/૨૦૨૧ (બપોરના ૧૪-૦૦ કલાક)** થી **તા.૦૧/૦૩/૨૦૨૧ (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક)** દરમિયાન **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. તેમ છતાં કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી રજીસ્ટર્ડ કરશે તો તેવા ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે**:-

(૧) સૌ પ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

(૨) "**Online Application**" માં જઇ "**Apply"** પર **Click** કરવું.

(૩) ઉમેદવારે **Select Advertisement by Department માંથી GSSSB (ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ)** સિલેકટ કરવું. અને **જાહેરાત ક્રમાંક:૧૮૬/૨૦૨૦-૨૧** માટે ઉમેદવારી કરવા માંગતા હોય તે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરવાથી સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખુલશે. જેમાં **More Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે **"Apply now"** પર **Click** કરી ત્યાર પછી **Click** કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી ( * ) નિશાની હોય તેની વિગતો ઉમેદવારે ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) **Personal Details** ભરાયા બાદ "**Communication Details**", "**Other Details,** "**Language Details**" **અને "Education Details"** ની વિગતો ઉમેદવારે ભરવી.

(૬) તેની નીચે"**Assurance"** (બાંહેધરી)"માં ઉપરની શરતો સ્વીકારવા માટે "**Yes**" પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૭) હવે **"save"** પર **Click** કરવાથી ઉમેદવારનો "**Application Number**" **generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે **Upload** માં જઇ **Photo/ Signature** પર **Click** કરો અહીં તમારો **Application Number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યારબાદ **ok** પર **Click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. (**Photo**નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) **(photo** અને **signature upload)** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "browse" button" પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે

"browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચાર થી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે, જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૯) હવે પેજના ઉપરના ભાગમાં "Online Application"માં જઇ "Confirm" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ઉમેદવારની બેઝિક માહિતી દેખાશે. જે ચકાસી લેવી અને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો "Online Application" માં edit માં જઇ અરજીમાં સુધારો કરી લેવો. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. તેથી સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો તેની નીચે આપેલ Confirm Application **પર** Click કરવાથી કન્ફર્મ માટેનું બોક્ષ ઓપન થશે. જેમાં Ok પર Click કરવાથી Confirmation નંબર જનરેટ થશે. અને ઉમેદવારની અરજીનો online સ્વીકાર થઈ જશે. Confirmation નંબર હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. હવે તેની નીચે Print Application અને Print Chalan નું ઓપ્શન દેખાશે. ઉમેદવારે Print Application પર Click કરી એપ્લીકેશનની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી. જનરલ કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવા માટે Chalan ની પ્રિન્ટ મેળવી લેવી.

અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ)

માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં, (PH) વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ઉમેદવારી મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

(૧૦) હવે "Online Application" માં જઇ Print Application Form / Pay Fees પર Click કરવું. અહીં Select Job માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો confirmation number ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ કરી Print Application Form પર Click કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી.

**નોંધ**:- <u>જાહેરાત ક્રમાંકઃ૧૮૬/૨૦૨૦-૨૧,</u> "**નાયબ નિરીક્ષક**" વર્ગ-૩ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની

આવશ્યકતા જણાય તો તે **હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર-૧૮૦૦૨૩૩૫૫૦૦** તેમજ મંડળની કચેરીના ફોન નંબર:-**૦૭૯- ૨૩૨૫૩૬૨૭** પર સંપર્ક કરી શકાશે.

**૯. પરીક્ષા ફી :-**

- ફોર્મ ભરતી વખતે ''General'' કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (Ex-serviceman) કેટેગરી સિવાયના તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.
    - **(ક)** અનુસૂચિત જાતિ (SC)
    - **(ખ)** અનુસૂચિત જન જાતિ (ST)
    - **(ગ)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)
    - **(ઘ)** આર્થિક રીતે નબળા વર્ગ **(**EWS)
    - **(ચ)** માજી સૈનિક (Ex-serviceman) તમામ કેટેગરીના
    - **(છ)** શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાં
- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલણ સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, **પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/-રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ** ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી **તા.૦૬/૦૩/૨૦૨૧** (કચેરી સમય સુધી) ની રહેશે.
- અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- ''General'' કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા ''**રદ**'' કરવામાં આવશે.

**૧૦. પરીક્ષા પધ્ધતિ :-**

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની પરીક્ષા (૧) પ્રથમ તબક્કામાં લેખીત Preliminary Examination **(**OMR**)** ભાગ-૧ પૂર્ણ કર્યા બાદ બીજા તબક્કામાં કુલ જગાના ભાગ-૧ની પરીક્ષાના મેરીટના ધોરણે કેટેગરી વાઈઝ સામાન્ય રીતે પંદર ગણા ઉમેદવારોની ભાગ-૨ Physical Efficiency Test (Qualifying Test) ટેસ્ટ લેવામાં આવશે. અને ભાગ-૨ માં લાયક ઠરેલ ઉમેદવારોની ભાગ-3 Main Written Examination લેવામાં આવશે. જેની વિગતો નીચે મુજબની રહેશે.

(ક) ભાગ-૧ : લેખિત કસોટી :( **Preliminary Examination)** ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર, ગુણ :૧૦૦, સમયઃ ૧.૦૦ કલાક.

| | | |
|---|---|---|
| ૧ | Written Test(General Knowledge- Objective type) this will cover Current Affairs, Computer Knowledge, History (Gujarat) Geography (Gujarat) Basic Maths , General Science, Literature and Culture and Constitution of India | ૧૦૦ ગુણ |

**નોંધ :** (૧) **(i)** પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે. **(ii)** દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. **(iii)** ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. **(iv)** ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે. **(v)** દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ **"E"** "Not attempted" રહેશે, ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. **(vi)** પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૨) Preliminary Examination માં લાયક ઠરેલ ઉમેદવારો માંથી કુલ જગાના મેરીટના ધોરણે કેટેગરી વાઈઝ સામાન્ય રીતે પંદર ગણા ઉમેદવારોને Physical Efficiency Test (Qualifying Test) માટે બોલાવવામાં આવશે.

**(3) લઘુત્તમ લાયકી ધોરણ:**

મેરીટ યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ મંડળ ઠરાવશે. પરંતુ પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ, કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ ભાગ-૧ Preliminary Examination અને ભાગ-3 (Main Examination (Written Test) કસોટી માટે કુલ ગુણના ૪૦ % ગુણ રહેશે.

**(ખ) (1)** ભાગ-૨ **<u>Physical Efficiency Test(Qualifying Test)</u>**

Physical Efficiency Test(Qualifying Test) માં પસંદગીના ધોરણો નીચે મુજબના રહેશે.

| | ઉમેદવાર | કસોટી | લાયકાતનું ધોરણ |
|---|---|---|---|
| **નાયબ નિરીક્ષક વર્ગ-3** | પુરુષ | ૫૦૦૦ મીટર દોડ | ૨૫ મીનીટમાં |
| | મહિલા | ૧૬૦૦ મીટર દોડ | ૯:30 મીનીટમાં |
| | માજી. સૈનિક | ૨૪૦૦ મીટર દોડ | ૧૨:30 મીનીટમાં |

**<u>ઉમેદવારને શારીરિક કાર્યક્ષમતા પરીક્ષણ માટે નીચે પ્રમાણે ગુણ ફાળવવામાં આવશે;</u>**

**(અ) પુરુષ ઉમેદવાર**

**૫૦૦૦ મીટરની દોડ ૨૫ મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે.** **મહત્તમ ગુણ : ૨૫**

| | |
|---|---|
| ૨૦ મીનીટ કે, તેથી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૫ ગુણ |
| ૨૦ મીનીટથી વધુ પરંતુ ૨૦:30 મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૪ ગુણ |
| ૨૦:30 મીનીટથી વધુ પરંતુ ૨૧ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨3 ગુણ |
| ૨૧ મીનીટથી વધુ પરંતુ ૨૧:30 મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૨ ગુણ |
| ૨૧:30 મીનીટથી વધુ પરંતુ ૨૨ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૦ ગુણ |
| ૨૨ મીનીટથી વધુ પરંતુ ૨૨:30 મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૮ ગુણ |
| ૨૨:30 મીનીટથી વધુ પરંતુ ૨૩ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૬ ગુણ |
| ૨૩ મીનીટથી વધુ પરંતુ ૨૩:30 મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૪ ગુણ |
| ૨૩:30 મીનીટથી વધુ પરંતુ ૨૪ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૨ ગુણ |
| ૨૪ મીનીટથી વધુ પરંતુ ૨૫ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૦ ગુણ |
| ૨૫ મીનીટ થી વધુ સમયમાં પૂર્ણ કરેલ દોડ | નાપાસ |

(બ) મહિલા ઉમેદવાર

**૧૬૦૦ મીટરની દોડ ૯:૩૦ મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. મહત્તમ ગુણ ૨૫**

| | |
|---|---|
| ૭ મીનીટ કે, તેથી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૫ ગુણ |
| ૭ મીનીટથી વધુ પરંતુ ૭:૩૦ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૩ ગુણ |
| ૭:૩૦ મીનીટથી વધુ પરંતુ ૮ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૧ ગુણ |
| ૮ મીનીટથી વધુ પરંતુ ૮:૩૦ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૮ ગુણ |
| ૮:૩૦ મીનીટથી વધુ પરંતુ ૯ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૫ ગુણ |
| ૯ મીનીટથી વધુ પરંતુ ૯:૩૦ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૦ ગુણ |
| ૯:૩૦ મીનીટ થી વધુ સમયમાં પૂર્ણ કરેલ દોડ | નાપાસ |

(ક) માજી સૈનિક ઉમેદવાર

**૨૪૦૦ મીટરની દોડ ૧૨:૩૦ મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. મહત્તમ ગુણ ૨૫**

| | |
|---|---|
| ૯:૩૦ મીનીટ કે, તેથી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૫ ગુણ |
| ૯:૩૦ મીનીટથી વધુ પરંતુ ૧૦ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૩ ગુણ |
| ૧૦ મીનીટથી વધુ પરંતુ ૧૦:૩૦ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૨૧ ગુણ |
| ૧૦:૩૦ મીનીટથી વધુ પરંતુ ૧૧ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૯ ગુણ |
| ૧૧ મીનીટથી વધુ પરંતુ ૧૧:૩૦મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૭ ગુણ |
| ૧૧:૩૦ મીનીટથી વધુ પરંતુ ૧૨:૦૦ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૫ ગુણ |
| ૧૨ મીનીટથી વધુ પરંતુ ૧૨:૩૦ મીનીટ થી ઓછા સમયમાં પૂર્ણ કરેલ દોડ માટે | ૧૦ ગુણ |
| ૧૨:૩૦ મીનીટ થી વધુ સમયમાં પૂર્ણ કરેલ દોડ | નાપાસ |

**Candidates qualifying in the Physical Efficiency Test will undergo Physical Standard Test**

**(ખ) (૨) <u>Minimum Physical Standards:</u>**

**(A) Physical Standards for Male Candidates :**

| Class | Height | Weight in Kg | Chest | |
|---|---|---|---|---|
| | | | Deflated | Inflated |
| Candidate (except Scheduled Tribes of Gujarat origin) | 162 | 50 | 77 | 82 |
| Scheduled Tribe Candidate of Gujarat Origin | 157 | 45 | 77 | 82 |

**(B) Physical Standards for Female Candidates :**

| Class | Height | Weight in Kg |
|---|---|---|
| Candidate (except Scheduled Tribes of Gujarat origin) | 150 | 45 |
| Scheduled Tribe Candidate of Gujarat Origin | 145 | 42 |

**(C) Candidates having any of the following physical defects shall not be fit for the post, namely; Knock knee, pigeon Chest, Squint Eye, Flat Feet, Varicose Veins, Hammer Tees Fractured Limb, Decayed Teeth communicable / skin disease.**

**(D) SHAPE I means –**

S Psychological
H Hearing
A Appendage
P Physical capacity for normal work
E Eye sight meant fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads.

**<u>નોંધ:-</u>** Physical Standard માં ઉલ્લેખીત એ,બી,સી,ડી, પૈકી “એ” અને “બી” ની કાર્યવાહી Physical Efficiency Test(Qualifying Test) ના સમયે સરકારી મેડીકલ ઓફીસર દ્વારા શારિરીક માપદંડોની ચકાસણી હાથ ધરવામાં આવશે. અને ઉક્ત “સી” અને “ડી” અંગેની ચકાસણી નિમણૂંક સમયે નિમણૂંક સત્તાધિકારી દ્વારા હાથ ધરવામાં આવશે.

(ગ) ભાગ-3 **(Main Examination (Written Test)**

**The main examination shall be of 300 marks consisting of Three Papers (Objective type), O.M.R The syllabus, duration and marks of each paper shall be as under;**

| Paper No. | Subject | Syllabus | Time Duration | Marks |
|---|---|---|---|---|
| 1. | Gujarati | Grammar, idioms, Phrases, Synonyms, Antonyms, Homonyms, One Word Substitution, vocabulary, Proverbs Comprehensions, | 60 Minutes | 100 |
| 2. | English | Grammar, verbal aptitude, Phrases, Synonyms, Antonyms, Homonyms, One Word Substitution, Proverbs vocabulary, idioms, Comprehensions, etc. | 60 Minutes | 100 |
| 3. | General Studies | Current Affairs(Gujarat India and world), Computer Knowledge, History (India and Gujarat), Geography (India and Gujarat), Art and Culture (Gujarat and India) Mental Ability and reasoning, Science and Technology and Constitution of india, decision making and problem Solving situation base questions. | 60 Minutes | 100 |

નોંધ: **Main Written Examination Paper-1 and 2- The standard of question papers of Gujarati and English shall be of the level of higher secondary school certificate examination conducted in the State.**

**Main Written Examination Paper-3 Standard of the question shall be that of graduate level.**

**Appendix- V**

**Weightage of additional marks (to be awarded after the Main Written Examination.)**

- **Weightage of additional 02(two) marks shall be given to the candidates possessing 'C' level certificate of National Cadet Corps.**
- **Weightage of additional 02(two) marks shall be given to the candidates possessing national level sport certificate.**
- **Weightage of additional marks as mentioned below shall be given to the candidate possessing degree or diploma certificate awarded by the Raksha Shakti University.**

| Class obtained in Degree / diploma of Raksha Shakti University | Additional marks |
|---|---|
| Distinction | 15 |
| First Class | 14 |
| Second Class | 09 |
| Pass Class | 05 |

**પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-**

ભાગ-૨ ની Physical Efficiency Test (Qualifying Test) અને ભાગ-3 (Main Written Examination) ના અંતે બંન્ને પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ સંયુક્ત ગુણ અને Appendix-V નિયત થયેલ ગુણ ભારાંક સાથે મેરીટના ધોરણે કેટેગરી વાઈઝ જગાઓ ધ્યાને લઈ પસંદગી / પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. પ્રતિક્ષાયાદી કુલ જગાની કેટેગરી વાઈઝ ૨૦ ટકા રહેશે.

**૧૧. સામાન્ય શરતો:-**

**(૧)** જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ માજી સૈનિકો સિવાય વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

**(૨)** બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

**(3)** **(૧)** અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે. **(૨)** સા. અને શૈ. પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના

તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક- સસપ/૧૧૦૯/૧૬૬૩/અની જોગવાઈ મુજબથી નિયત થયેલ નમુના પરિશિષ્ટ-૪ તથા તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૭/ ૧૨૪૩૮૨/અની જોગવાઈ મુજબ, **તા.૦૧/૦૪/૨૦૧૭** થી અરજી કરવાની છેલ્લી **તા.૦૧/૦૩/૨૦૨૧** દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ નિયત નમુનામાં નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

**(૩)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે. **(૪)** જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર મંડળ ધ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો, તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી માન્ય ગણાશે નહિ. **(૫)** પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. **(૬)** બિનઅનામત વર્ગના ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં. **(૭)** આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે મંડળ દ્વારા આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું. **(૮)** એથલેટિકસ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમ્નેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો-ખેલકુદમાં **(1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.ર તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર /૧૧૮૮/૩૬૪૪/ગ.રમાં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.(નિયત નમૂના મંડળની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.) આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે. **(૯)** સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.રમાં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ. અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના

રહેશે. **(૧૦)** મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

**૧૨. સામાન્ય સુચનાઓ:-**

**(૧).** ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારી જે - તે તબકકે **"રદ"** કરવામાં આવશે.

**(૨).** ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાતની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

**(૩).** ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે જ નંબર ચાલુ રાખવો અને ભરતી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યા સુધી જાળવી રાખવો.

**(૪)** મંડળ જે કોઈ ઉમેદવારને **(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે **(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે **(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે **(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે **(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે **(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે **(૭)** પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે, હસ્તલિખિત સાહિત્યની મદદથી, મોબાઇલ, અથવા અન્ય ઇલેકટ્રોનિક ઉપકરણો સાથે રાખવા કે, તેનો ઉપયોગ કરવો અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે **(૮)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે **(૯)** પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે **(૧૦)** પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે **(૧૧)** પૂર્વવર્તી ક્રમ- ૧ થી ૧૦ ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત- **(ક)** મંડળ, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા **(ખ)(૧)** મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા **(૨)** રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. **(૧૩)** ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની ઉમેદવારી જે તે તબક્કે આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**(૫)** ફક્ત જગાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ

જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ ધ્વારા **"રદ"** કરવામાં આવશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે **"રદ"** કરવામાં આવશે.

**(૬)** મંડળ ધ્વારા લેવાનાર Preliminary Examination, Physical Efficiency Test, Main Written Examination કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

**(૭)** પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**(૮)** ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

**(૯)** ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**(૧૦)** સમગ્ર ભરતી પ્રક્રીયા પૂર્ણ ન થાય ત્યાસુધી કોઈ પણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઈ. એક્ટ હેઠળની કોઈ પણ અરજી ધ્યાને લેવામાં આવશે. નહી.

**(૧૧)** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે "**રદ**" કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ: ૨૦/૦૧/૨૦૨૧**
**સ્થળ:- ગાંધીનગર**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,**
**ગાંધીનગર**